आपणुं पोतानुं अखबार

# ગાંધીનગર સમાચાર


હજારોં આફતોં સે વો બચે રહતે હૈ.. જો સુનતે હૈ જયાદા, ઔર કમ બોલતે હૈ..
- કવિ નિરજ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઇ, ૨૦૧૪, શનિવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિસ્સ

**● ભારતમાં દુનિયાનો સૌથી મોટો રમકડાંઓનો મેળો યોજાશે**

દુનિયાનો સૌથી મોટો ટોય ફેર કીડસ ઈન્ડિયા મુંબઈમાં ૧૮ સપ્ટેમ્બરથી ત્રણ દિવસ માટે



યોજાશે. જેમાં દુનિયાભરની ૧૫૦થી વધુ કંપનીઓ ભાગ લેશે. આ ફેરમાં ભારતીય રમકડાંની કંપનીઓના ૮૫૦૦ કરોડ રૂપિયાની પ્રોડકટ લોન્ચ કરવામાં આવશે. જે સસ્તી ચાઈનીઝ પ્રોડકટસને હરિફાઈ આપશે. બાળકોને આકર્ષિત કરવા માટે નવા અને સારી ડીઝાઈનવાળા રમકડાઓ રજૂ કરાશે.

**● સરકારે ૧ લાખ કરોડથી વધુનું કાળુ નાણું ઝડપ્યું**


સરકારે ગયા નાણાંકીય વર્ષમાં એક લાખ કરોડ રૂપિયા



કરતા વધારે મૂલ્યની બે હિસાબી આવક શોધી કાઢી છે. આવકવેરા ખાતાએ ૨૦૧૨-૧૩ દરમિયાન કાળા નાણાનાં દૂષણને નાથવા માટે જપ્તીની કાર્યવાહી ઝડપી બનાવી હતી. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ઝડપાયેલા ૯૦,૩૯૦.૭૧ કરોડ રૂપિયામાંથી ૭૧,૧૯૫ કરોડ રૂપિયાની બેહિસાબી આવક તો વીજ ક્ષેત્ર સાથે સંકળાયેલા એક ગ્રુપની જ છે.

**● ૧ થી ૧૦ ઓગસ્ટની અમેરિકાની ફલાઈટો પેક**

અમેરિકામાં ન્યુ જર્સીના રોબિન્સવિલેમાં ભવ્ય બીપીએસ સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરાયું છે. આ મંદિરનો પ્રતિષ્ઠા



મહોત્સવ આઠમીથી દસમી ઓગસ્ટ સુધી યોજાશે. જેમાં બીપીએસ સંસ્થાના વડા પ્રમુખસ્વામી મહારાજ પણ ઉપસ્થિત રહેશે. પ્રતિષ્ઠા મહોત્સવ માટે ગુજરાતથી પણ હજારોની સંખ્યામાં હરિભકતો અમેરિકા જશે. અમદાવાદથી અમેરિકા ખાતે જતી તમામ ફલાઈટસ ૧ થી ૧૦ તારીખ સુધી બુક થઈ ગઈ છે.

## અમદાવાદમાં વરસાદી વાતાવરણ ઝાપટાઓ જારી

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. દિવસ દરમિયાન વરસાદી ઝાપટાઓનો દોર જારી રહ્યો હતો. મોડી રાત બાદથી રહી રહીને તમામ જગ્યાઓએ વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટાનો દોર જારી રહે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી બાદ અમદાવાદ શહેરમાં તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા છે. વરસાદી માહોલ વચ્ચે અમદાવાદ શહેરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.

આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૧.૭ અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહ્યું હતું. મોડી રાત્રે અને વહેલી પરોઢે વરસાદ થયો હતો. જેથી વાતાવરણમાં ઠંડક રહી હતી. અમદાવાદમાં પણ વરસાદી માહોલ જામ્યો છે જેથી લોકોના ચહેરા પર ખુશી દેખાઈ રહી છે.

# ગાંધીનગરમાં મેઘરાજાની મહેર



(તસવીર : આલોક બ્રહ્મભટ્ટ)

## ભારે બફારા બાદ વહેલી સવારે વરસાદ ખાબકયો

## ૨૪ કલાક દરમિયાન ૩૪ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા.૧૮

જુલાઈ માસના બીજા પખવાડીયાથી શરૂ થયેલી મેઘરાજાની મહેર સતત બીજા દિવસે પણ યથાવત રહી છે. વહેલી સવારે વરસાદ પડયા બાદ આખો દિવસ વરસાદે પોરો ખાધો હતો. જો કે તે દરમિયાન ખુબ જ બફારો અનુભવાયો હતો. આજે વહેલી સવારે ૧૮ મી.મી. અને સવારે સાડા આઠથી સાડા નવના ગાળામાં ૧૬ મી.મી.મળીને છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુલ ૩૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગર-અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં મેઘાવી માહોલ સતત બીજા દિવસે પણ યથાવત રહ્યો હતો. ધીમા પગલે થયેલું મેઘરાજાનું આગમન ખેડૂતો અને શહેરીજનોને ખુશખુશાલ બનાવી ગયું છે. ગુરુવારે રાત્રે વરસાદ પડયા બાદ ગઈ કાલે આખો દિવસ વરસાદ બંધ રહ્યો હતો. જો કે ગોરંભાયેલા આકાશના કારણે બફારો ભયંકર હદે વધી ગયો હતો. પરસેવો એટલો બધો થતો હતો કે કંટાળી જવાય ભયંકર બફારા બાદ આજે વહેલી સવારે વરસાદ શરૂ થયો હતો.જે લગભગ એક કલાક સુધી વરસ્યો હતો. આ દરમિયાન ૧૮ મી.મી. વરસાદ પડયો હતો. થોડીકવાર માટે વરસાદ બંધ થયા બાદ સવારે લગભગ સાડા આઠ વાગે પુનઃ વરસાદ શરૂ થઈ ગયો હતો. એકધારી ગતિએ તે કલાક-સવા કલાક સુધી પડયો હતો. આ સમયગાળા દરમિયાન ૧૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. આમ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૪ મી.મી. અને છેલ્લા ૩૬ કલાક દરમિયાન ૬૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૭૦ મી.મી. થયો છે. ખુબ રાહ જોવડાવ્યા બાદ આખરે વરસાદ પડતાં સૌ કોઈ ખુશ છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અમી છાંટણા થતા ખેડૂતો ખુશ થયા છે. ખેડૂતોએ વાવણીનો પ્રારંભ પણ કરી દીધો છે. જો કે શહેરમાં પ્રથમ વરસાદે જ ઠેર ઠેર પાણી ભરાઈ જવાની સમસ્યા પણ ઉદભવી હતી.

# રાજ્યભરમાં વરસાદ : ખેડૂતો ખુશખુશાલ

## જામનગરના જોડિયામાં કલાકોમાં ૧૦ ઇંચ વરસાદથી જનજીવન ઠપ : સૌરાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ તેમજ મધ્યગુજરાતમાં પણ વરસાદી માહોલ વચ્ચે સારો વરસાદ થયો : નિચાણવાળા ક્ષેત્રો જળબંબાકાર

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી વચ્ચે આજે પણ રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ યથાવતરીતે જામેલો રહ્યો હતો. જામનગર જિલ્લાના જોડિયામાં માત્ર ચાર કલાકના ગાળામાં જ ૧૦ ઈંચ વરસાદ ખાબકી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ ૧૦ ઈંચથી વધુ વરસાદ સવારમાં નવ વાગ્યાથી લઈને ૧૨ વાગ્યાના વચ્ચેના ગાળામાં જ પડી ગયો હતો. ધ્રોલ, જામનગર, જામજોધપુર, લાલપુર, કાલાવાડ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબકયો હતો. જોડિયામાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી પાણીના નિકાલ માટે તંત્રને ભારે જહેમત ઉઠાવી પડી હતી. દ્વારકા જિલ્લામાં સવારથી જ વરસાદ પડ્યો

● અનુસંધાન પાન-૭ પર

## માનવ અધિકાર ભંગની ફરિયાદો કરવામાં ગાંધીનગર દ્વિતીય ક્રમે

### મંજૂર મહેકમ કરતાં પણ ઓછા કર્મચારી હોવાથી અહેવાલ તૈયાર કરવામાં વિલંબ થયો

ગાંધીનગર, તા. ૧૮

માનવ અધિકાર પંચ સમક્ષ ન્યાયની માંગણી કરતી અરજીઓ કરવામાં ગાંધીનગર જિલ્લો દ્વિતીય ક્રમે રહ્યો છે. ૨૦૧૦-૧૧ના આજે વિધાનસભાગૃહમાં રજુ થયેલા અહેવાલમાં આ વિગતો જણાવવામાં આવી છે.

આયોગે તેના અહેવાલમાં નોંધ્યું છે કે ૨૦૦૬-૦૭થી ૨૦૧૦-૧૧ ના ગાળા દરમ્યાન ગાંધીનગર જિલ્લામાંથી આયોગને ૭૧૨ અરજીઓ મળી હતી. જેમાંથી ૬૧૬ નો નિકાલ કરવામાં આવ્યો છે. અને ૧૦૧ અરજીઓ બાકી રહેવા પામી છે.

અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ અરજીઓ આ સમયગાળા દરમ્યાન મળી હતી. જેની સંખ્યા ૨૪૮૩ છે અને બીજા ક્રમે ગાંધીનગર આવે છે જ્યાંથી મળેલ અરજીની સંખ્યા ૭૧૨ છે. સૌથી અરજીઓ ડાંગ જિલ્લામાંથી મળી છે જેની સંખ્યા ૨૬ છે. જે પૈકીની ૨૧ અરજીઓનો આયોગે નિકાલ કર્યો છે.

અહેવાલ ચાર વર્ષ બાદ ગૃહમાં

● અનુસંધાન પાન-૭ પર

## સ્વચ્છતા અભિયાન મનપાનું જ નહિ સૌનુ છે : મ્યુનિ. કમિશનર

### વિભાગો તેમને નિહિત થયેલ કામગીરી સુપેરે સંકલનમાં રહી બજાવે તે જરૂરી છે

ગાંધીનગર, તા. ૧૮

સ્વચ્છ શહેરની કલ્પનાને સાકાર કરવા માટે કોર્પોરેશનની કામગીરીમાં વિભાગો સહકાર આપે નહિ તો વિભાગોના વડાઓનું ધ્યાન દોરી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી થાય તેવી રજુઆત કરવામાં આવશે તેવી ગંભીર ચેતવણી નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરીએ ગઈકાલે યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે દરેક વિભાગો તેમની કામગીરી કોર્પોરેશન સાથે સુયોગ્ય સંકલનમાં રહીને બજાવે તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે વિભાગો જો સંકલન નહિ જાળવે તો કોર્પોરેશન તેની રીતે મળેલ સત્તાની રૂએ કામગીરી સંપન્ન કરી થયેલ ખર્ચના બિલો જે તે વિભાગના વડાને ચુકવણી માટે મોકલી આપવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે શહેરને દબાણમુક્ત તેમજ સ્વચ્છ શહેર બનાવવાની સરકારની કલ્પનાને સાકાર કરવાની જવાબદારી સૌની છે. તંત્ર આમાં ઉદાસીન વલણ દાખવશે તો સ્હેજ પણ સાંખી લેવામાં આવશે નહિ. તેમણે જણાવ્યું હતુ કે સ્વચ્છતા અભિયાન અંતર્ગત તેઓ નિયમિત રાઉન્ડ લેશે અને આ દરમ્યાન જે કોઈ વિભાગની ક્ષતિ જણાશે તો તેઓ તેમની સામે કાર્યવાહી કરતાં અચકાશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥



ઔદિચ્ય સત્તર તાલુકા બ્રહ્મસમાજ, મૂળ હળવદના વતની હાલ ગાંધીનગર **શ્રી પ્રવીણચંદ્ર નર્મદાશંકર જોષીના ધર્મપત્ની શ્રીમતિ રંજનબેન**નો સ્વર્ગવાસ તારીખ ૧૭-૭-૨૦૧૪ના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું શનિવાર તારીખ ૧૯-૭-૨૦૧૪ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦, શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની વાડી, સેકટર ૭, ગાંધીનગર** ખાતે રાખેલ છે.

નિવાસસ્થાન :
૩૦૪ / ૨,
મંગલમૂર્તિ પાર્ક,
સેકટર - ૮,
ગાંધીનગર

લિ.
પ્રણવ પી. જોષી
સ્વ. કાંતીલાલ એન. જોષી । ડો. મહેન્દ્રભાઇ કે. જોષી
હસુભાઇ કે. જોષી । સુનિલભાઇ કે. જોષી

રવિવારની રજાનો સદ્ઉપયોગ કરી ગુજરાત સરકારમાં નોકરી મેળવો !

શું આપશ્રી આપના બાળકને ધો.૧૨ થી જ એક લક્ષ્ય સાથે ભવિષ્યમાં સરકારી નોકરી મળી જાય જેવી કે...
[GPSC / UPSC / ગુજરાત સરકાર]
✓ ડેપ્યુટી કલેક્ટર ✓ Dy.SP ✓ IAS / IPS ✓ TDO ✓ SO
✓ PSI ✓ કોન્સ્ટેબલ ✓ તલાટી ✓ કલાર્ક ✓ RFO ✓ RTO
વગેરેમાં નોકરી મળે એવું ઈચ્છો છો ?

તો, આવો આપણે સાથે મળીને બાળકનાં ઊજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ !

ધો.૧૨ પાસ અથવા ચાલુ અભ્યાસક્રમ દરમ્યાન જ આપ શરૂઆત થી રજાના દિવસનો સદ્ઉપયોગ કરી શકો છો અને આપનું સ્વપ્ન સાકાર કરી શકો છો

TCCI EDUCATION PVT. LTD.
(ISO : 9001-2008 Certified Company)
છેલ્લા ૨૦ વર્ષથી વિશ્વાસનું એકમાત્ર પ્રતીક જે શરૂ કરે છે...

12 માસ નો કોર્ષ (૪૦ અઠવાડિયાનો કોર્ષ)
ભણવાનો સમય સવારના 9 થી 12-30 બપોરના 1 થી 4-30 ફક્ત રવિવાર
માત્ર દર રવિવારે 7 કલાકનું શિક્ષણ

ફી માસિક માત્ર ₹ 4,000/- (એક સાથે ભરનાર માટે ફી માત્ર 36000/- રહેશે) તથા શરૂઆતમાં બે માસિક હપ્તા એડવાન્સ ભરવાના રહેશે પછી દર મહિને 4,000/- ભરવાના રહેશે.

'જીવનદીપ કોર્ષ-2014' કોર્ષની વિશેષતા / ઉપયોગિતા

☛ ભણાવવામાં આવા વિષયો : ★ સ્પર્ધાત્મક ગણિત (૪૦ પ્રકરણ) ★ બુદ્ધિચાતુર્ય કસોટીઓ (15 પ્રકરણ - Verbal / Non Verbal) ★ અંગ્રેજી વ્યાકરણ (સંપૂર્ણ ગ્રામર) ★ ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય ★ સામાન્ય જ્ઞાન (GPSC / UPSC કક્ષાનું) ★ ઈન્ટરવ્યું ટેકનીક સાથે પર્સનાલીટી ડેવલપમેન્ટ ★ સ્પોકન અંગ્રેજી ☛ સંપૂર્ણ સાહિત્ય ફ્રી ☛ દરેક ટોપિક્સને અંતે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ ☛ 24000+ થી વધુ હેતુલક્ષી પ્રશ્નોનું સોલ્યુશન સાથે વર્ણનાત્મક સંપૂર્ણ સમજૂતીનું શિક્ષણ (ઉપરોક્ત કોર્ષના ☛ શિક્ષણ થી આપ 'સરકારી નોકરી' ૧૦૦% મેળવી શકો છો જે આપનું લક્ષ્ય છે પરંતુ આપને રવિવારે રજાનો સદ્ઉપયોગ કરવો પડશે.) ☛ UPSC / GPSC /ગુજરાત સરકારની તમામ ક્ષેત્રની ભરતી માટે આપ શરૂઆત થી જ સક્ષમ બની જાઓ છો અને તમામ પરીક્ષા પધ્ધતિથી આપ પહેલેથી જ જાણકાર બનો છો. ☛ મનોવૈજ્ઞાનિક તાલીમ પણ 'ફ્રી' આપવામાં આવશે. (આત્મવિશ્વાસ વધારવાના હેતુ થી) ☛ તમામ પરીક્ષાઓનાં પેપરોનું સોલ્યુશન (ભૂતકાળમાં લેવાયેલ.)

TCCI વર્ષ-2014 નો 'જીવનદીપ' કોર્ષ-2014 નો લક્ષ્યાંક
ગાંધીનગર : 40 બેઠકો | પેથાપુર : 60 બેઠકો | મહેસાણા : 50 બેઠકો
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. (એક ફોટો, LCની ઝેરોક્ષ કોપી તથા ફી સાથે લાવવાની રહેશે)

| પ્રવેશ શરૂ તા. | પ્રવેશ બંધ થવાની તા | વર્ગ શરૂ થવાની તા. | કોર્ષનો સમયગાળો |
| --- | --- | --- | --- |
| 17.07.2014 ગુરૂવાર | 24.07.2014 ગુરૂવાર | 03.08.2014 રવિવાર | 12 (Months) 40 અઠવાડિયા |

કોર્ષ : મહેસાણા / ગાંધીનગર / પેથાપુર એક જ તારીખે શરૂ થશે તા. 03.08.2014 (રવિવાર) થી

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર — ઓફિસ નં. 207, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, ગાંધીનગર. રૂબરૂ મળવાનો સમય સવારના 9-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

પ્રવેશ માત્ર તા. 17 થી 24 July 2014 સુધી જ, વર્ગ શરૂ તા. 03.08.2014
1994થી સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...